## ફોર્મ – એ

| અમદાવાદનાં એડી.ચીફ મેજિસ્ટ્રેટ (કોર્ટ નં. ૧૦) સાહેબશ્રીની કોર્ટમાં<br>(દાખલ તા.૧૭.૦૧.૨૦૧૭)<br>(ચુકાદો આપ્યા તા. ૦૧.૦૧.૨૦૨૪)<br>(કેસ નં૩૩૨૪/૨૦૧૭)<br>(રામોલ પોલસ સ્ટેશન, ફસ્ટ ગુના રજી. નં.૨૧૪/૨૦૧૬) | |
|---|---|
| ફરીયાદી | સ્ટેટ ઓફ ગુજરાત |
| ફરીયાદી તરફે | સુપ્રલ શાહ |
| આરોપી | ૧. સુરેશભાઈ ઉર્ફે ટીનાભાઈ અમિચંદભાઈ ભુદરભાઈ પંચાલ |
| આરોપી તરફે વકીલ | |

## ફોર્મ – બી

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | તા.૦૮.૧૨.૨૦૧૬ થી કલાક ૧૦:૦૦ વાગ્યા |
| એફ. આઈ. આર. નોંધ્યા તારીખ | તા.૧૫.૦૧.૨૦૧૭ |
| ચાર્જશીટ કર્યા તારીખ | તા.૧૭.૦૧.૨૦૧૭ |
| ચાર્જ ફ્રેમ કર્યા તારીખ | તા.૦૫.૦૨.૨૦૧૮ (આંક–૦૨) |
| પુરાવો શરૂ થયાની તારીખ | તા.૦૨.૦૪.૨૦૧૮ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | લાગુ નથી. |
| ચુકાદાની તારીખ | તા. ૦૧.૦૧.૨૦૨૪ |
| સજાનો હુકમ હોય તો હુકમની તારીખ | લાગુ નથી |

## આરોપીની વિગત

| ક્રમ | નામ | પકડયા તારીખ | જામીન પર છોડયા તારીખ | જે ગુનાનો આક્ષેપ હોય તે | આરોપીને રીલીઝ કરેલ છે કે સજા | આપેલ સજા | ટ્રાયલ કે તપાસ દરમ્યાન જેલમાં કાઢેલો સમય કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | સુરેશભાઈ ઉર્ફે ટીનાભાઈ અમિચંદભાઈ ભુદરભાઈ પંચાલ | ૧૪/ ૧૨/૨૦૧૪ | | ઈ.પી.કો કલમ– ૩૫૪,૩૨૩, ૨૯૪(ખ) | શકાનો લાભ | લાગુ નથી | ૦૦ |

## ફોર્મ સી

## પ્રોશીકયુશન/ડીફેન્સ/કોર્ટ વિટનેસની લીસ્ટ તથા વિગત

એ. ફરીયાદી /સરકાર તરફે

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોયેલ સાહેદ, પોલીસ સાહેદ, એક્ષપર્ટ સાહેદ, મેડીકલ સાહેદ, પંચ સાહેદ, અન્ય સાહેદ) | પુરાવાનો પ્રકાર | રેંક | આંક |
|---|---|---|---|---|---|
| ૧ | મૌલિક મનોજકુમાર મિસ્ત્રી | પંચ સાહેદ | પંચ સાહેદ | પીડબલ્યુ ૧ | ૦૪ |
| ૨ | શિલ્પાબેન અશ્વિનભાઈ પટેલ | ફરીયાદી | મુળ ફરીયાદી | પીડબલ્યુર | ૦૬ |
| ૩ | મિસ્ત્રી અશ્વિનભાઈ લાભુભાઈ | સ્વતંત્ર સાહેદ | સ્વતંત્ર સાહેદ | પીડબલ્યુ ૩ | ૮ |
| ૪ | મનિષ ઈશ્વરભાઈ | સ્વતંત્ર સાહેદ | સ્વતંત્ર સાહેદ | પીડબલ્યુ ૪ | ૧૧ |
| ૫ | બિપીન રમણીક કારેલીયા | સ્વતંત્ર સાહેદ | સ્વતંત્ર સાહેદ | પીડબલ્યુપ | ૧૨ |
| ૬ | મનુભાઈ વિરાભાઈ બામણીયા | ત.ક.અ.શ્રી | ત.ક.અ.શ્રી | પીડબલ્યુ૬ | ૧૩ |

બી. બચાવપક્ષના સાહેદ, જો હોય તો :

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોયેલ સાહેદ, પોલીસ સાહેદ, એક્ષપર્ટ સાહેદ, મેડીકલ સાહેદ, પંચ સાહેદ, અન્ય સાહેદ) |
|---|---|---|
| | | બચાવ પુરાવો રજુ થયેલ નથી. |
| | | |

સી. કોર્ટના સાહેદો, જો હોય તો:

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોયેલ સાહેદ, પોલીસ સાહેદ, એક્ષપર્ટ સાહેદ, મેડીકલ સાહેદ, પંચ સાહેદ, અન્ય સાહેદ) |
|---|---|---|
| | | કોઈ કોર્ટ સાહેદ તપાસેલ નથી. |
| | | |

### ડી. ફરીયાદ પક્ષ કે બચાવના કે કોર્ટમાં રજુ થયેલા દસ્તાવેજોના આંક :

એ. પ્રોસીકયુશન

| ક્રમ | આંક નંબર | વિગત | રેંક |
|---|---|---|---|
| ૧ | ૦૫ | પંચનામું | પી/૧/પીડબલ્યુ ૧ |
| ૨. | ૦૭ | ફરીયાદ | પી ૧/પી ડબલ્યુ ૨ |

બી. બચાવપક્ષ

| ક્રમ | આંક નંબર | વિગત |
|---|---|---|
| | | રજુ થયેલ નથી. |
| | | |

સી. કોર્ટ દસ્તાવેજ આંક:

| ક્રમ | આંક નંબર | વિગત |
|---|---|---|
| | | રજુ થયેલ નથી. |
| | | |

ડી. મુદ્દામાલ વસ્તુ તથા વિગતો

| ક્રમ | આંક નંબર | વિગત |
|---|---|---|
| | | આ કામમાં કોઈ મુદ્દામાલ રજુ થયેલ નથી. |
| | | |

બાબત : ઈ.પી.કો કલમ– ૩૫૪,૩૨૩,૨૯૪(ખ)

**–: ચુકાદો :–**

૧. ફરિયાદ પક્ષનાં કેસની ટૂંકમાં વિગત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૦૮/૧૨/૧૬ ના કલાક ૧૦:૦૦ વાગે ફરીયાદીના ઘરે મ.ન. સી/૩૦૩ આશીર્વાદ ડ્રીમ્સ વસ્ત્રાલ ખાતે આ કમાના ફરીયાદીના પતિ સાહેદ નં. ૪ નાઓએ આરોપીનું મકાનનું કામ રાખેલ હોય જે કામ પુરી કરી આપવા બાબતે ફરીયાદીને જેમ ફાવે તેમ ગંદી ગાળો આપવા લાગતા ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા આરોપીએ ફરીયાદી ને તથા સાહેદ નં. ૪ ને ગડદાપાટુનો માર મારી ફરીયાદીને તથા સાહેદ નં. ૪ ને ગડદાપાટુનો માર મારી ફરીયાદીને જણાવેલ કે " તારો પતી હવે કોઈ કામનો નથી તો તારાથી પૈસા વસુલ કરીશ તેમ કહી ફરીયાદીની છાતી ઉપર હાથ નાખી

ફરીયાદીનો ડ્રેસ ખેચી છેડતી કરી ગુનો કરી ઈ.પી.કો કલમ– ૩૫૪,૩૨૩,૨૯૪(ખ) મુજબ અન્વયે સંબંધિત પો.સ્ટે.માં ફરીયાદીની ફરીયાદ આધારે ગુનો નોંધી તપાસનીશ અમલદારે તપાસ કરતાં આરોપી વિરૂઘ્ધ મળી આવેલ પુરતા પુરાવા આધારે હાલનું ચાર્જશીટ રજુ કરતાં ઉપરોકત નંબરથી ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવામાં આવેલ છે.

૨. ઉપરોકત રજૂ થયેલા પુરાવાઓને અંતે ફરિયાદ પક્ષ તરફથી આરોપી વિરુઘ્ધ રજૂ થયેલ પુરાવો ઘ્યાને લેતાં આરોપીનું **ક્રિ.પો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન** નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ પોતાના સામેના પુરાવાઓ ખોટા હોવાનું જણાવેલ છે અને ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે તેમજ પોતાને સોગંદ પર જુબાની આપવી નથી અને બચાવના સાહેદ તપાસવા નથી તેવું જણાવેલ છે

૩. સદર કામે આરોપી તરફે મુખ્યત્વે બાકીનુ કામ ન કરવુ પડે તેના કારણે અને પૈસા આપવા ન પડે તેથી ખોટો કેસ કરી આરોપી પર દબાણ લાવેલ છે ખોટી રીતે કેસ બનાવેલ છે અને વખતોવખતના ચુકાદાના આધારે હાલના કેસમા પુરતો પુરાવો ન હોય આરોપીને લાભ આપવા રજુઆત કરેલ છે.

૪. સદર કેસનાં ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે

## –// મુદ્દાઓ //–

| | |
|---|---|
| **૧.** | શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૦૮/૧૨/૧૬ ના કલાક ૧૦:૦૦ વાગે ફરીયાદીના ઘરે મ.ન. સી/૩૦૩ આશીર્વાદ ડ્રીમ્સ વસ્ત્રાલ ખાતે આ કમાના ફરીયાદીના પતિ સાહેદ નં. ૪ નાઓએ આરોપીનું મકાનનું કામ રાખેલ હોય જે કામ પુરી કરી આપવા બાબતે ફરીયાદીને જેમ ફાવે તેમ ગંદી ગાળો આપવા લાગતા ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા આરોપીએ ફરીયાદી ને તથા સાહેદ નં. ૪ ને ગડદાપાટુનો માર મારી ફરીયાદીને તથા સાહેદ નં. ૪ ને ગડદાપાટુનો માર મારી ફરીયાદીને જણાવેલ કે " તારો પતી હવે કોઈ કામનો નથી તો તારાથી પૈસા વસુલ કરીશ તેમ કહી ફરીયાદીની છાતી ઉપર હાથ નાખી ફરીયાદીનો ડ્રેસ ખેચી છેડતી કરી ગુનો કરી ઈ.પી.કો કલમ– ૩૫૪૩૨૩,૨૯૪(ખ) નો શીક્ષાપાત્ર એવો ગુનો કરેલ છે ? |
| **૨.** | શું હુકમ ? |

૫. નીચે જણાવેલા કારણોસર ઉપરોકત મુદ્દા પરત્વેનાં મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## –// કારણો //–

**મુદ્દા નં.૧ :–**

૬. સદરહુ કામે પડેલ પુરાવાઓ ધ્યાને લેતાં**, ૦૪ થી પંચ સાહેદ મૌલિક મનોજકુમાર મિસ્ત્રી** ની ને સોગંદ ઉપર તપાસેલા છે.તેઓ પોતાની સોગંદ પરની **જુબાની**માં જણાવેલ છે કે પોલીસે તેમની હાજરીમાં કોઈ પંચનામું કરેલ હોય તેમ બનેલ નથી તેઓને પંચનામું બતાવવામાં આવે છે તેમાં તેઓની સહી છે સહી કયારે કરેલ તે ખબર નથી પોલીસે પંચમાં બોલાવેલ હોય અને કોઈ ફરીયાદીએ છેડતીના કેસમાં કોઈ કપડા રજુ કર્યા હોય તેમ બનેલ નથી. પરંતુ પંચનામા ના તત્વો ને સમર્થન મળેલ નથી.

૭. વધુમાં સદર કામે **આંક– ૦૬** થી **શિલ્પાબેનની** જુબાની જોતા તેઓના પતિ કોન્ટ્રાકટર તરીકે કામ કરતા હોય સુરેશ પંચાલનું કામ રાખેલ અને કામ ચાલતું હોય પડી જવાથી પતિને માથામાં ઈજા થયેલ જેથી કામ બાકી રહી ગયેલ. સુરેશભાઈએ પતિને થોડા ઘણા પૈસા આપેલ. તા.૦૮.૧૨.૨૦૧૬ ના રોજ સવારે દેક વાગ્યાના સુમારે સુરેશભાઈ ઘે આવેલ અને પતિને કામ કરવા જણાવેલ જેથી ફરીયાદીએ સુરેશભાઈને જણાવેલ કે પતિ બીમાર છે અને સાજા થાય ત્યારે આવશે જેથી સુરેશભાઈ ગરમ થઈ ગાળો બોલી ફરીયાદી અને તેઓના પતિને મારવા લાગેલ અને ફરીયાદીની છાતી પર હાથનાખી ડ્રેસ ફાડી નાખેલ અને જણાવેલ કે, તારો ઘરવાળો તારા કાંઈ કામનો રહયો નથી હું તારા પાસેથી પૈસા વસુલ કરીશ જેથી બુમાબુમ કરતા આરોપી જતા રહેલ અને ૧૦૦ નંબર પર ફોન કરી ગાડી બોલાવેલ અને બનાવ બાબતની ફરીયાદ કરેલ તેમજ થયેલ ઈજા અંગે ફરીયાદી અને તેઓના પતિએ વી. એસ. હોસ્પિટલમાં સારવાર લીધેલ. ફરીયાદીને ફરીયાદ બતાવતાં તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે જે આંક–૦૭ થી રજુ છે તેમજ આરોપીને ઓળખે છે તેમજ મુદ્દામાલ ડ્રેસ ઓળખી બતાવેલ છે,

સદર ફરીયાદીની ઉલટતપાસ જોતા તેઓ ફરીયાદ માટે એવું લખાવેલ છે કે અમોએ બે દિવસથી આરોપીના ઘરનું કામ બંધ કરેલ છે. તેમજ તેઓ બનેલ બનાવ બની ગયા બાદ તેમના ઘરે આવેલા તેમજ તેઓ એ ફરીયાદ માં જે બનાવ બતાવ્યો છે તે સમયે તેમના પતિ તેમના ઘરે હાજર હતા તેમજ તેઓ આરોપી સુરેશભાઈના મકાનનું બાંધકામ નું કામ તેમના પતિ એ રાખેલ હતું તેમજ આ બનાવ બનતા આજુબાજુના ફલેટના માણસો તેમના ઘરે આવી ગયેલા તેમજ તેઓના પતિ પડી જતા તેમને ઈજા થયેલ સાહેદ જણાવે છે કે મગજમાં વાગેલું હતું તેમજ આ બનાવ બનતા આજુબાજુના ફલેટના માણસો તેમના ઘરે આવી ગયેલ તેમજ તેઓના પતિ ને શરીરના કયા ભાગ

પર ઈજા કરેલ તે તેમની ફરીયાદ માં લખેલ નથી તેમજ તેમના પતિને સોફા પરથી પાડી દીધેલા જેથી શરીરના કયા ભાગે ઈજા કરેલ તે કઈ રીતે લખાવી શકે તેમજ છાતીના ભાગે કોઈ જબરજસ્તી હાથ નાંખે તો નખના નિશાન થાય તેમજ કોઈ વ્યકિત જબરજસ્તી હાથ નાંખીને ડ્રેસ ફાડી નાંખે તો નખના કે બીજા ઈજાના નિશાન થાય તેમજ બનાવના બે દિવસ બાદ રાત્રીના સમયે પોલીસ સ્ટેશનમાં જઈ ફરીયાદ આપેલ હોય તેવું બનેલ નથી. તેમજ તેમની ફરીયાદ માં આરોપી કેવી ગાળો બોલેલા તે શબ્દો લખાવેલ નથી. તેમજ તેઓ બનાવના દિવસે સવારે પોલીસ સ્ટેશનમાં ગયેલ ત્યારે પોલીસ ે જે તેઓ પુછપરછ કરેલી તેની તેમના પતિને ખબર નહતી. તેમના પતિ બનાવના દિવસે કે તે પછી પણ કયારેય પો.સ્ટે માં બોલાવેલ હોય તવું બનેલ નથી.

૬. સદર કામે **આંક– ૦૮ થી અશ્વિનભાઈ મિસ્ત્રી** નાઓએ તેઓ વસ્ત્રાલ ખાતે આશીર્વાદ સોસાયટીમાં રહે છે બનાવ ૨૦૧૬ માં બનેલો તે વખતે સુરેશભાઈ પંચાલના ઘરનું કામ ચાર લાખ અગીયાર હજારમાં રાખેલ જેમાં ૯૫% કામ પુર્ણ કરેલ પરંતુ પુરા પૈસા આપેલ ન હતા. તેઓના ત્યાં કામ કરતા પડી ગયેલ અને વાગેલ જેથી કામ બંધ કરેલ પરંતુ મજુરોથી કામ કરાવેલ પણ પૈસા આપેલ ન હોય બે દિવસથી કામ બંધ રાખેલ અને ઘરે આરામ કરતો હતો અને સાઢુ બિપીનભાઈ ખબર પુછવા આવેલ ત્યારે સવારના દસેક વાગ્યે સુરેશભાઈ ઘરે આવીને કામ કેમ નથી કરતા તેમ કહેતા તબીયત સારી થશે પછી કામ કરશે તેવું કહેતા સુરેશભાઈ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલવા લાગેલ અને પત્નીએ ગાળો બોલવાની ના પાડતા હાથ ચાલાકી કરી ગડદાપાટુનો માર મારેલ અને જણાવેલ કે, જો કામ નહી કરે તો આ ડોસો કામનો નથી હું તારાથી પૈસા વસુલ કરીશ તેમ જણાવેલ અને પત્નીના છાતી પર હાથ નાથી ડ્રેસ ફાડી નાખેલ અને આજુબાજુના માણસો આવી જતા આરોપી ભાગી ગયેલ જે અંગેની ફરીયાદ પત્નીએ આપેલ તેમજ મુદ્દામાલ ડ્રેસ બતાવતાં તે ઓળખી બતાવેલ છે તેમજ આરોપીને ઓળખે છે તેવું જણાવેલ છે,

૮. સદર કામે **આંક– ૧૧ થી મનિષ ઈશ્વરભાઈ સતાણી** નાઓએ તેઓ તેમની સર તપાસમાં જણાવે છે કે, બનાવ કેટલા વર્ષ પહેલા બનેલ તે ખબર નથી. બનાવ વખતે તેઓ હજાર નહતો બનાવ વિશે પાછળથી જાણેલ કે આરોપી ને ઝઘડો થયેલ.

૯. સદર કામે **આંક– ૧૨ થી બિપીન રમણીક કારેલીયા ને** તપાસતા તેઓ સોગંદ પરની જુબાની માં જણાવે છે કે બીપીન રમણીકભાઈ કારેલીયા ને સોગંદ પર તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, ફરીયાદી તેઓની પત્નીના મોટા બેન છે અને બનાવના દિવસે ફોન આવતા

તેઓ ફરીયાદીના ઘરે ગયેલ અને જોયુ તો ત્યાં સાઢુ સુતા હતા અને સાળીની આંખમાં આંસુ હતા અને પોલીસ બોલાવેલી અને ત્યારબાદ તેમની સાથે પોલીસ સ્ટેશન ગયેલા અને બનાવ વિશે જણાવેલ કે માથાકુટ થયેલ બીજું કાંઈ જાણતા નથી તેમજ પોલીસએ પુછપરછ કરેલી નથી સહી કરાવેલી તેવું જણાવેલ છે,

૧૦. સદર કામે **આંક– ૧૩ થી મનુભાઈ વિરાભાઈ બામણીયા** ને તપાસતા તેઓ સોગંદ પરની જુબાની માં જણાવે છે કે ૨૦૧૬ માં રામોલ પો. સ્ટે. માં હે. કો. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે પી. એસ. ઓ. તરફથી ફ. ગુ. ર. નં.૨૧૪/૨૦૧૬ ઈ. પી. કો. કલમ–૩૫૪, ૩૨૩ વિગેરે મુજબની ફરીયાદની તપાસ તેઓને મળતા પ્રથમ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી પંચોના લખાવ્યા મુજબ તેઓની રૂબરૂ થયેલ અને ફરીયાદ શ્રી ડામોર રૂબરૂ નોંધાયેલ અને ફરીયાદ નોંધાયા બાદ તપાસ આવતા ફરીયાદ છેડતી વગેરે ગુનાની છે સદર કામે ફરીયાદ નોંધાયા બાદ તપાસ તેઓની તરફ આવતા તપાસ સંભાળી લઈ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લખાવ્યા મુજબ તેઓની રૂબરૂ માં લખી લીધેલ અને સદર કામે કોઈ સારવાર સર્ટીફીકેટ મેળવેલ નથી તેમજ આરોપી સામે પુરતો પુરાવો હોય અટક કરી ચાર્જશીટ કરેલ તેવું જણાવેલ છે,

સદર ત.ક.અ.શ્રી ની ઉલટતપાસ જોતા આ કામે કોઈ મેડી.સર્ટી રેકર્ડમાં રજુ નથી તેમજ ફરીયાદ નોધાયા બાદ તપાસ તેઓની તરફ આવેલ. તેવું જણાવેલ છે.

**૧૧. સદર કામે પુરાવાના બોજા બાબતે જોગવાઈઓ ધ્યાને લેતાં,**

**૧૧.** looking to the rul of law about **Burden of proof.** — Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove that those facts exist. When a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person.

**On whom burden of proof lies**. — The burden of proof in a suit or proceeding lies on that person who would fail if no evidence at all were given on either side.

**Burden of proof as to particular fact.** —The burden of proof as to any particular fact lies on that person who wishes the Court to believe in its existence, unless it is provided by any law that the proof of that fact shall lie on any particular person.

૧૨. **સદર કામે આક્ષેપીત કલમો ધ્યાને લેતાં,**

**294. Obscene acts and songs.**

Whoever, to the annoyance of others-

(a) does any obscene act in any public place, or

(b) sings, recites or utters any obscene song, ballad or words, in or near any public place, shall be punished with imprisonment of either description for a term which may extend to three months, or with fine, or with both.

**323. Punishment for voluntarily causing hurt.**

Whoever, except in the case provided for by section 334, voluntarily causes hurt, shall be punished with imprisonment of either description for a term which may extend to one year, or with fine which may extend to one thousand rupees, or with both

**354**. Assault or criminal force to womanwith intent to outrage her modesty.Whoever assaults or uses criminal force toany woman, intending to outrage or knowingit to be likely that he will thereby outrage hermodesty, shall be punished withimprisonment of either description for a termwhich may extend to two years, or with fine,or with both.

CLASSIFICATION OF OFFENCE
Punishment—Imprisonment for 2 years, or fine, or bothCognizable—Bailable— Triableby any Magistrate—Non-compoundable.

(૧૩) હવે જ્યા સુધી પુરાવાના વિશ્લેષણ નો સવાલ છે તો પુરાવાનો નિયમ જોઈએ તો ફરીયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંક પણે પુરવાર કરવાનો હોય છે. અને પુરાવાની વિશ્વસનીયતા

ને કોર્ટે ધ્યાનમા લેવાાની છે એટલેકે પુરાવાની કવોલીટી જોવાની છે કવોન્ટીટી નહી હાથ પરના કીસ્સામા પણ એક માત્ર ભોગ બનનાર ના પુરાવા સિવાય અન્ય કોઈ નજરે જોનાર સાહેદ નથી અને એ હકીકત પણ રેકર્ડ પર થી ફલીત થાય છે કે દરેક સાહેદના પોલીસ રુબરુના નિવેદનો અને કોર્ટ રુબરુની જુબાની મા વિરોધાભાસ આવેલ છે. એટલે અહી એ હકીકત પણ મહત્વની બની જાય છે કે જે વિરોધાભાસ જુબાની મા આવેલ છે તે ફરીયાદ પક્ષના પુરાવાને અસરકર્તા છે અથવા તો ફરીયાદ પક્ષના પુરાવાને બીન અસરકારક અથવાનો અવિશ્વસનીય બનાવે છે. તો આ બાબતે નામદાર વડી અદાલત તથા સર્વોચ્ચ અદાલત ના નીચેના ચુકાદાઓને ધ્યાાને લેવા અનીવાર્ય બની જાય છે.

(૧) જી.સી.ડી ૨૦૦૯ (૩) પાન ન ૨૦૧૯ નો ચુકાદો કે જે હરીજન કેશુભાઈ બાધાભાઈ વિ. સ્ટેટના ચુકાદામા નામદાર વડી અદાલતની ડીવીજન બેન્ચે પ્રસ્થાપિત કરેલ છે કે સાહેદની જુબાનીમા થોડો ક જ વિરોધાભાસ હોય અને તે બનાવની મહત્વની હકીકત બાબતે ન હોય તો તે ફરીયાદ પક્ષના કેસને અસરકર્તા નથી ઉલ્ટાનુ તે સાહેદની જુબાનીને વધુ વિશ્વાસનીય બનાવે છે કારણ કે સાહેદે જે જોયેલ હોય તે અને તેનુ તે નિરુપણ કરતો હોય તો માનવ સહજ રીતે તેમા એકઝાગરેશન અથવા તો સામાન્ય ફેરફાર આવે.

(૨) જી.સી.ડી ૨૦૦૯(૩) પાન ન ૨૦૩૭ અજબ સિગ ઉર્ફે ભગત અનદરસિગ વિ. સ્ટેટ ના ચુકાદામા નામદાર વડી અદાલતની ડીવીજન બેન્ચે પ્રસ્થાપિત કરેલ છે કે વિરોધાભાસ અગત્યનો હોવો જોઈએ અને તે સાહેદની જુબાનીને સ્થાનભ્રષ્ટ કરી શકે તેટલી હદ સુધી સીધી રીતે સુંસંગત હોવો જોઈએ.

(૩) એ આઈ આર (સુ.કો ) ૨૦૧૨ પાન ન ૩૭ તકદીર સમસુદ્દીન શેખ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ના ચુકાદામા નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ છે કે સામાન્ય વિરોધાભાસ કે એકઝાગરેશન ફરીયાદ પક્ષના કેસને અસરકર્તા નથી કે માત્ર તેટલા જ કારણ સર ફરીયાદ પક્ષનો સમગ્ર કેસ માર્યો જતો નથી.

(૪) સ્ટેટ ઓફ એમ.પી વિ. દયાલ શાહુ (૨૦૦૫) ૮ એસ સી.સી પાન ન ૧૨૨ ઉપર નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ છે કે જો ભોગ બનનારનો પુરાવો વિશવાસનીય અને માનવા લાયક હોય તો માત્ર તેટલા પુરાવાને આધિન પણ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય અને જયારે ભોગ બનનાર જાતીય હુમલાની વીકટીમ હોય તેવા સંજોગોમા તેના પુરાવાને કોઈ સ્વતત સમર્થન ની જરુરીયાત નથી . અને તેણીના પુરાવામા સામાન્ય વિરોધાભાઈ હોય કે એકજાગરેશન

જણાઈ આવતુ હોય તો તેટલા માત્ર કારણ થી જ તેનો પુરાવો બાજુ પર મુકી શકાય નહી કે તેને ડીસ્કાર્ડ કરી શકાય નહી.

**(૧૪)** હવે કલમ ૩૫૪ (એ) ની વ્યાખ્યા જોતા (૧) શારીરીક સંર્પક અને પ્રેમ માટે એવા કાલાવાલા કરવા જે અનિશ્ચનીય હોય અને ખુલ્લે ખુલ્લા માંગણી સ્વરુપ ના હોય (૨)જાતીય માંગણીઓ અને એ માટેની વિનંતીઓ (૩) જાતીય સ્વરુપ ની ટીકાઓ કરવી (૪) કામ ચેષ્ટા અંગેનુ અશિલીલ સાહીત્ય દેખાડવામા આવે.

**(૧૫)** આમ ઉપરોકત વ્યાખ્યા જોતા આરોપીએ ફરીયાદી ભોગ બનનારને ગંદા અને અભદ્ર ઈશારા કરેલ હોય તેમજ તેનો હાથ પકડવાની કોશીષ કરેલ હોય અને તેની સાથે સાથે આરોપીનો બચાવ જોવામા આવે તો આરોપી સાથે પ્રેમ સંબઘ હોવાની હકીકત રજુ કરેલ છે તે જોતા આરોપીએ નિ:શંક પણે કલમ ૩૫૪ એ ના કલોઝ ૧ થી ૩ મા વર્ણવેલ ગુનો કરેલ હોવાનુ કહી શકાય આ બાબતે નામદાર વડી અદાલતોએ જુદા જુદા કેસોમા ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૫૪ ના ગુના બાબતે કરેલ ઓબઝર્વેશન જોવામા આવે તો તે નીચે મુજબ છે.

In Kanhu Charan Patra v. State , the Orissa High Court stated as under:

"The accused entered the house and broke open the door which two girls of growing age had closed from inside and molested them but they could do nothing more as the girls made good their escape. On being prosecuted it was held that the act of accused was of grave nature and they had committed the same in a dare devil manner. As such, their conviction u/s 354/34 was held proper."

The High Court of Delhi in the case of Jai Chand v. State observed as under:

"The accused in another case had forcibly laid the prosecutrix on the bed and broken her pyzama's string but made no attempt to undress himself and when prosecutrix pushed him away, he did make no efforts to grab her again. It was held that it was not attempt to rape but only outraging of the modesty of a woman and conviction u/s 354 was proper."

In Raja v. State of Rajasthan , it was stated as under:

"The accused took the minor to solitary place but could not commit rape. The conviction of accused was altered from Section 376/511 to one u/s 354."

The Court in State of Karnataka v. Khaleel stated as follows:

"The parents reached the sugarcane field when accused was in process of attempting molestation and immediately he ran away from the place. There was no evidence in support of allegation of rape and accused was acquitted of charge u/s 376 but he was held liable for conviction under section 354/511 IPC."

The Court in Nuna v. Emperor stated as follows:

"The accused took off a girl's clothes, threw her on the ground and then sat down beside her. He said nothing to her nor did he do anything more. It is held that the accused committed an offence under Section 354 IPC and was not guilty of an attempt to commit rape."

The Court in Bishewhwar Murmu v. State stated as under:

"The evidence showed that accused caught hold hand of informant/victim and when one of the prosecution witnesses came there hearing alarm of victim, offence u/s 376/511 was not made out and conviction was converted into one u/s 354 for outraging modesty of victim."

The Court in Keshab Padhan v. State of Orissa stated as under:

"The test of outrage of modesty is whether a reasonable man will think that the act of the offender was intended to or was known to be likely to outrage the modesty of the woman. In the instant case, the girl was 15 years of age and in the midnight while she was coming back with her mother the sudden appearance of the petitioner from a lane and dragging her towards that side sufficiently established the ingredients of Section

354."

The Court in Ram Mehar v. State of Haryana stated as under:

"The accused caught hold of the prosecutrix, lifted her and then took her to a bajra field where he felled her down and tried to open her salwar but could not do so as in order to make the accused powerless the prosecutrix had injured him by giving a blow of the sickle. The accused failed to give his blood sample with the result it could be presumed that his innocence was doubtful. Ocular evidence of prosecutrix was also corroborated by other evidence. It was held that conviction of accused u/s 354, 376/511 was proper but taking the lenient view only two years RI and a fine of Rs.1000/- was imposed on him."

sikkim high court - Crl.A. No. 13 of 2021 - pema Tshering Bhutia v/s State of sikkim
"Conviction - Evidence of victim as a sole witness is required to be cogent, consistent and unwavering qualifying her as a sterling witness and her evidence as worthy of reliance.

(૧૬) આમ ઉપરોકત તમામ ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાતોને ધ્યાને લેતા અને આ કામમા પડેલ પુરાવાનુ મુલ્યાકન કરતા એ હકીકત નિર્વિવાદ પણે ફલીત થાય છે કે બનાવ વખતે આ કામના આરોપી આ કામના ફરીયાદીના પતિ એ તેમના ઘરનું ફર્નીચર નું કામ રાખેલ હોય અને કોઈ કારણસર અધુરું મુકેલ હોય તે બાબતે કામ પુરું કરવા માટે અને ફર્નીચર ના કામ ના પૈસા ચુકવેલ હોય તે બાબતે ઠપકો આપવા આવેલા હતા તેટલી હકીકત સ્પષ્ટ રીતે પુરાવા માં આવે છે. સદર કામે દિવસનો સમય જયારે આરોપી ફરીયાદીને ઓળખતા પણ ન હોય અને પહેલી વખતે તેમના ઘરમાં આવેલા હોય અને તેમના પતિ ની સાથે બોલાચાલી થયેલ હોય સ્વાભાવિક રીતે તે વ્યકિતનો ઈરાદો ફરીયાદીની છેડતી કરવાનો કે મોડેસ્ટીક નો

ભંગ કરવા આવેલા ન હોય અને તેમના પતિ સાથે બોલાચાલી થયેલાનું રેકર્ડ પર આવતું હોય અને પીડબલ્યુ ર આંક– ૦૬ થી આંક– ૦૮ થી પીડબલ્યુ ૩ ની જુબાની જોતા ફર્નીચર નું કામ પુરું કરેલ ન હોય તેથી બોલાચાલી થયેલાનું રેકર્ડ પર આવેલ હોય તેથી સ્પષ્ટ રીતે આરોપીનો ઈરાદો કોઈ ઈજા પહોચાડવાનો કે મોડેસ્ટીક ભંગ કરવાનો ન હતો અને જાહેરમાં દિવસના સમયે તેમના પતિની હાજરીમાં આજુબાજુમાં ખુલ્લા મકાન માં આવું કોઈ કૃત્ય કરવા આવેલા હોય તેવી હકીકત માનવા લાયક નથી હાલના કામે ફરીયાદીએ સ્વભાવિક રીતે બોલાચાલી થયેલ હોય આવેશમાં આવીને હાલની સ્વરૂપની ફરીયાદ કરેલાની શકયતા રેકર્ડ પર નકારી શકાતી ન હોય બંને તરફની શકયતા હોય કલમ– ૩૫૪  ના આક્ષેપો સબબ માનવાલાયક ગણાતા નથી અને શંકાથી પર પુરાવો જણાતો નથી

**<u>કલમ–૩૨૩</u>**

**૧૭.** સદર કામે કલમ– ૩૨૩ પુરવાર કરવા માટે કલમ– ૩૧૯ તથા ૩૨૧ પુરવાર કરવી પડે સદર કામે ૩૨૩ પુરવાર કરવા માટે કલમ– ૩૧૯ જોતા ઈજા કરેલ હોય તેટલાથી જ પુરવાર થતું નથી પરંતુ જયારે વ્યકિત ને કોઈ શારીરિક પીડા કે રોગ કે અશકિત ઉપજી હોય તો પણ વ્યથા કહેવાય અને જો વ્યકિત એ વ્યથા થવાનો સંભવ છે તેવી જાણકારી સાથે કૃત્ય કરેલ હોય તો સ્વૈચ્છાપુર્વક ની વ્યથા કહેવાય.

સદર કામે પડેલ પુરાવો જોતાં ભોગ બનનાર ફરીયાદી પીડબલ્યુ ર નાઓએ જણાવેલ છે કે, કલમ–૩૧૯ અન્વયેના તત્વો સંતોષાય તેવો પુરાવો આવતો નથી અને નજરી સાહેદે કલમ–૩૨૩ બાબતે ફરીયાદીને સમર્થન આપતા ન હોય તેવા સંજોગોમાં બનાવ સમયે માત્ર સામસામી બોલાચાલી થયેલાની શકયતા રેકર્ડ પર આવતી હોય અને ફરીયાદીને શરીર પર કોઈ ચકામા કે કોઈ નીશાન મારથી પડેલા હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવતો ન હોય અને કોઈ મેડીકલ પણ કરાવેલ ન હોય તેવા સંજોગોમાં બન્ને તરફની શકયતાઓ આવતી હોય અને ફરીયાદીની જુબાનીમાં આરોપી ગાળ બોલેલ તેથી હું પણ ગાળ બોલેલ તેવી હકીકત આવતી હોય તેવા સંજોગોમાં કલમ–૩૧૯ અન્વયેના તત્વો શંકાથી પર આવતા ન હોય અને બન્ને તરફની શકયતા જણાતી હોય તેવા સંજોગોમાં કલમ–૩૨૩ અન્વયે આરોપીને શંકાનો લાભ મળવાપાત્ર થાય છે.

વધુમાં કલમ– ૩૨૩ બાબતે આરોપી એ ફરીયાદી કે તેમના પતિને કોઈ ઈજા પહોચાડેલ હોય તેવી કોઈ તાજી ઈજાના નિશાન જણાતા નથી અને કોઈ મેડીકલ સર્ટીફીકેટ પણ મેળવેલ નથી. અને ફરીયાદ પણ લેટ આપેલ હોય તે બાબતે પણ કોઈ ખુલાસો કરેલ નથી. અને બનાવ

વખતે આજુબાજુના માણસો ફલેટમાં આવી ગયેલાનું ફરીયાદીની ઉલટતપાસમાં આવતું હોય તેવા સંજોગોમાં ફરીયાદીના શરીર ઉપર કોઈ ઈજા કે જબરજસ્તીના નિશાન ન હોય અને ફરીયાદ ૨ દિવસ ના સમય બાદ આપેલ હોય તેવા સંજોગોમાં બનાવ નું સ્વરૂપ અને જુબાની જોતા અને તકરારનું મુળ સ્વરૂપ જોતા બંને તરફની શકયતાઓ હોય પુરાવાની ચેન પુર્ણ રીતે જોડાઈ ફકત અને ફકત આરોપીએ આક્ષેપતિ ગુનો કરેલ હોય તેવી શકયતા પુર્ણ રીતે રેકર્ડ પર આવતી ન હોય તેવા સંજોગોમાં કન્વીકશન ષસ્ટેન્બલ થાય નહી અને આરોપીને ફોજદારી ધારા ના સિધ્ધાંત મુજબ શંકાનો લાભ મળવાપાત્ર થાય છે.

## <u>કલમ– ૨૯૪(ખ)</u>

**૧૮.** સદર કામે આરોપી સામે કલમ– ૨૯૪ ના આક્ષેપ બાબતે કલમ– ના તત્વો જોતા કોઈ જાહેર સ્થળે એ અશ્લીલ ગીતો ગાયેલ હોય કે અશલીલ કાવ્ય  અશલીલ શબ્દો ઉચ્ચારે હોય તેવા શબ્દો ફરીયાદીની જુબાની કે સાહેદની જુબાની માં તેનો લેશમાત્ર ઉલ્લેખ આવતો ન હોય તેવા અને કયા પ્રકારના અશલીલ શબ્દો ઉચ્ચારે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવતી ન હોય તેવા સંજોગોમાં કલમ– ૨૯૪ મુજબ પુરાવાના અભાવે શંકાનો લાભ મળવાપાત્ર છે.  જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

### –: હુ ક મ :–

| | |
|---|---|
| **૧.** | આ કામનાં આરોપીઓને ક્રિ.પ્રો.કોડ કલમ ૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૫૪,૩૨૩,૨૯૪(ખ)મુજબનાં શીક્ષાપાત્ર ગુનાનાં તહોમતમાંથી પુરતા પુરાવાનાં અભાવે શંકાનો લાભ આપી મુકત કરવામાં આવે છે. |
| **૨.** | આરોપીએ અગાઉ આપેલ જામીન ક્રિ.પ્રો.કોડ કલમ ૪૩૭(એ)અન્વયે વધુ છ માસ સુધી ચાલુ રાખવામાં આવેલ છે. |

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ
તા. ૦૧/૦૧/૨૦૨૪

(જે. એસ. શાહ)
એડી. મેટ્રો. મેજીસ્ટ્રટ (કોર્ટ નં. ૧૦)
અમદાવાદ
કોડ નં.જીજે ૦૦૯૩૬